કારેલીબાગ વિસ્તારમાં તસ્કરોનો તરખાટ

પરિવાર ઉપરના માળે ઊંઘતો રહ્યો ને તસ્કરો તિજોરી તોડી ૩.5.90 લાખની મત્તા ચોરી ગયા

મુખ્ય દરવાજાનું લોક તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈને ફરાર



(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી ૩.5.90 લાખની મત્તા ચોરી કરી હતી. ઘરના ઉપરના માળે પરિવાર ઊંઘી રહ્યો હતો ત્યારે તસ્કરોએ નીચેના માળે પ્રવેશ કરી લોખંડની તિજોરીનું લોક તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી હતી.

કારેલીબાગમાં આનંદનગર સ્કાય હાર્મોની ફ્લેટ સામે રહેતા જીગ્નેશભાઈ ઠક્કર પરિવાર સાથે ઘરે હતા. રાત્રે પત્ની અને બાળકો ઉપરના માળે સૂઈ ગયા હતા. રાત્રે 2:30 વાગ્યે ઘરે આવેલા જીગ્નેશભાઈ પણ ઉપરના માળે સૂઈ ગયા હતા. દરમિયાન વહેલી સવારે 5:20 વાગ્યે તેમના મોટાભાઈએ ફોન કરીને ઘરનો દરવાજો ખુલ્લો હોવાની જાણ કરી હતી. તપાસ કરતા મુખ્ય દરવાજાનું લોક તૂટેલું અને તિજોરી પણ ખુલ્લી જોવા મળી હતી. તેમાંથી ૩.5.90 લાખના દાગીના અને રોકડ ગાયબ હતા.

પ્રાથમિક તપાસમાં તસ્કરોએ ઘરમાં કોઈની અવરજવર ન થાય તેની તકેદારી રાખીને ચોરીને અંજામ આપ્યો હોવાનું જણાય છે. પરિવારના સભ્યો ઘરમાં હાજર હોવા છતાં તેમને ચોરીની જાણ થઈ નહોતી. તસ્કરોએ મકાનમાં પ્રવેશ્યા બાદ સીધો તિજોરીને નિશાન બનાવી કિંમતી ચીજવસ્તુઓ ઉસેડી લીધી હતી. વહેલી સવારે દરવાજો ખુલ્લો જોવા મળતાં પરિવારજનોમાં ફફડાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં કારેલીબાગ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવવાની દિશામાં પણ તપાસ હાથ ધરી છે. કારેલીબાગ પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

વાઘોડિયા રોડના મહાદેવ મંદિરની દાનપેટી તોડી ૩.20 હજારની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

સાનિધ્ય ટાઉનશીપના કોમન પ્લોટમાં આશરે પાંચ મહિના અગાઉ સાનિધ્યેશ્વર મહાદેવ મંદિર બનાવવામાં આવ્યું હતું. સોસાયટીના લોકો નિયમિત દર્શન અને પૂજા-આરતી માટે આવતા હતા. ગત 11 નવેમ્બરની રાત્રે નવ વાગ્યાના અરસામાં મંદિર બંધ કરીને સૌ ઘરે ગયા હતા. દરમિયાન રાત્રિના સમયે અજાણ્યો તસ્કર મંદિરની નીચેના ભાગેથી લોખંડની જાળી તોડી અંદર પ્રવેશ્યો હતો અને દાનપેટી તોડી તેમાં રહેલી આશરે ૩.20 હજારની રોકડ ચોરી કરી ગયો હતો.12 નવેમ્બરની સવારે પાંચ વાગ્યાના અરસામાં સોસાયટીના રહીશ મિનેષભાઈ બ્રહ્મક્ષત્રિય મંદિરે દર્શન કરવા પહોંચ્યા ત્યારે જાળી તૂટેલી અને દાનપેટી તૂટેલી હાલતમાં જોવા મળી હતી. તપાસ કરતાં દાનપેટીમાંથી રોકડ રકમ ગાયબ હોવાનું જણાયું હતું. આ અંગે સોસાયટીના પ્રમુખ અને TCS કંપનીમાં નોકરી કરતા રોનકભાઈ કિરીટભાઈ શાહે બાપોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બંધ મકાનનું તાળું તોડી ૩.1.98 લાખના દાગીનાની ચોરી

પરિવાર ગામડે ગયો અને તસ્કરોએ બકોરનગરના મકાનને નિશાન બનાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

વડોદરા શહેરમાં બંધ મકાનોને નિશાન બનાવતી તસ્કર ટોળકી ફરી સક્રિય થઈ છે. આજવા રોડ પર બકોરનગરમાં સિક્યુરિટી ગાર્ડના બંધ મકાનનું તાળું તોડી તસ્કરો ૩.1.98 લાખથી વધુની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

રઘુકુલ સ્કૂલ નજીક બકોરનગરમાં રહેતા ઉમેશ નરસિંહભાઈ ગઢવી ગત 17 નવેમ્બરે પરિવાર સાથે કરિયા ગામે માતા-પિતાના ઘરે ગયા હતા. પરિવારની ગેરહાજરીનો લાભ લઈ તસ્કરોએ મકાનનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને બેડરૂમની તિજોરીમાં રાખેલા સોનાની ચેઈન, મંગળસૂત્ર, ઝુમ્મર, વીંટી સહિત ચાંદીના દાગીના મળી કુલ ૩.1.98 લાખની મત્તાની ચોરી કરી હતી. સોસાયટીના અમૃત વાઘેલાએ ફોન કરીને ચોરીની જાણ કરતાં પરિવાર ઘરે પરત ફર્યો હતો. ઘરમાં સામાન વેરવિખેર અને તાળું તૂટેલું જોઈ ચોરીની જાણ થઈ હતી.

નિઝામપુરામાં બંધ મકાનનું તાળું તોડી ૩.97 હજારના દાગીનાની ચોરી

વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી ૩.97 હજારના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. પેન્શનપુરાના મહાકાળી ચોક ફળિયામાં રહેતા દિનેશભાઈ સોલંકી અને તેમનાં પત્ની ગત 10 નવેમ્બરે સાસરીમાં ગયાં હતાં. દરમિયાન 12 નવેમ્બરની સવારે ૮:30 વાગ્યા પહેલાં અજાણ્યા તસ્કરોએ મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ રૂમમાં આવેલી લાકડાની તિજોરીનું લોકર તોડી તેમાંથી સોનાની પેન્ડલવાળી ચેઇન, મંગળસૂત્ર અને ચાંદીની બે પાયલ મળી કુલ ૩.97,500ના દાગીના ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે ફતેગંજ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ આર.કે. બારીયાએ તપાસ હાથ ધરી છે.

દ્વારકેશલાલજી મહારાજની ષષ્ટિપૂર્તિએ વિશ્વ કલ્યાણ મહોત્સવ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

પરમ પૂજ્ય ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજના ૬૦મા જન્મદિવસની ષષ્ટિપૂર્તિ નિમિત્તે વડોદરામાં ૨૪ નવેમ્બરથી ૧ ડિસેમ્બર સુધી ભવ્ય 'વિશ્વ કલ્યાણ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. આઠ દિવસીય મહોત્સવમાં દેશ-વિદેશના હજારો વૈષ્ણવો, સામાજિક અગ્રણીઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાશે.મહોત્સવ દરમિયાન આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક અને તબીબી સેવાલક્ષી કાર્યક્રમો યોજાશે. વૈદિક વિધિ-વિધાન, પૂજન-અર્ચન અને વિશેષ ધાર્મિક આયોજનો દ્વારા વૈષ્ણવ પરંપરા અને જન્મભૂમિની વિવિધ પ્રવૃત્તિઓને વિશ્વભરમાં પહોંચાડવાનો પ્રયાસ કરાશે. શ્રી ગિરિરાજજી પર્વત, મથુરા-વિદ્યાઘાટ સહિતનાં ધાર્મિક સ્થળો અને પ્રવૃત્તિઓને વિશેષ સ્થાન અપાશે.મહોત્સવની વિગતવાર રૂપરેખા જાહેર કરવા ૨૨ નવેમ્બરના રોજ સવારે ૧૧:૩૦ કલાકે વડોદરામાં પ્રેસ કોન્ફરન્સ યોજાશે.

"હારેકા સહારા, ખાટુશ્યામ હમારા" ના નાદ સાથે મંદિર પરિસર ગુંજી ઉઠ્યું

વડોદરાના અકોટા-દાંડિયા બજાર સ્થિત શનિ મંદિરે ખાટુશ્યામ બાબાના જન્મદિવસની ભવ્ય ઉજવણી



(પ્રતિનિધિ) વડોદરા તા.20

સંસ્કારી નગરી વડોદરામાં આજે "હારેકા સહારા, ખાટુશ્યામ હમારા" ના ગગનભેદી નાદ સાથે ખાટુશ્યામ બાબાના જન્મદિવસની અત્યંત ભક્તિભાવપૂર્વક અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. શહેરના અકોટા-દાંડિયા બજાર ચાર રસ્તા પર આવેલા સુપ્રસિદ્ધ શનિ મંદિર ખાતે ખાટુશ્યામ ભગવાનના જન્મોત્સવ નિમિત્તે વિશેષ અને ભવ્ય ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સહભાગી થવા માટે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે.

આજના પાવન દિવસની શરૂઆત વહેલી સવારે મંગલમય શરણાઈ વાદન સાથે કરવામાં આવી હતી. શરણાઈના મધુર સૂર રેલાતા જ સમગ્ર મંદિર પરિસરમાં અનોખો ભક્તિમય માહોલ સર્જાયો હતો. વહેલી પરોઢથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરિવાર સાથે બાબાના દર્શન અને આશીર્વાદ લેવા માટે કતારમાં જોડાયા હતા અને સમગ્ર વાતાવરણ ભક્તિના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું.

જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સાંજના સમયે પણ વિશેષ આકર્ષણો રાખવામાં આવ્યા છે. જે ભક્તોની મનોકામનાઓ અને મોટા કાર્યો બાબાની કૃપાથી પૂર્ણ થયા છે, તેવા ધુપલભાઈ સહિતના શ્રદ્ધાળુઓ દ્વારા સાંજે ભગવાનના નામે ૩૦ કિલોની વિશેષ કેક કાપવામાં આવશે. આ ઉપરાંત ભવ્ય આતશબાજી, ફટાકડા ફોડીને અને સમગ્ર મંદિર પરિસરમાં આકર્ષક રોશની કરીને બાબાના જન્મદિવસને યાદગાર બનાવવામાં આવશે.

આજના સમગ્ર ધાર્મિક આયોજન અંગે મંદિરના ટ્રસ્ટી અશોક પવારે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, ખાટુશ્યામ બાબાના જન્મદિવસ નિમિત્તે સવારથી જ શનિ મંદિરે ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે અને શરણાઈ વાદન સાથે ઉત્સવનો પ્રારંભ કરાયો છે.

વડોદરા મહાનગરપાલિકામાં બજેટ તૈયારીઓનો ધમધમાટ શરૂ

વિવિધ વિભાગો અને ઝોન સાથે સમીક્ષા બેઠકોનો દોર; ૧૬મા નાણા પંચ અને સ્વર્ણિમ ગ્રાન્ટથી વિકાસકામોને વેગ મળવાનો અંદાજ



(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા મહાનગર સેવા સદન દ્વારા દર વર્ષની પરંપરા મુજબ દિવાળી બાદ આગામી નાણાકીય વર્ષના બજેટ તથા ચાલુ વર્ષના રિવાઇઝ્ડ બજેટની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. હિસાબી શાખાના ચીફ એકાઉન્ટન્ટ અને અપીલ અધિકારી સંતોષ તિવારીએ જણાવ્યું હતું કે બજેટ તૈયાર કરવા માટે અગાઉથી જ પરિપત્ર જારી કરી દેવામાં આવે છે, ત્યારબાદ વિવિધ વિભાગો, મુખ્ય પ્રોજેક્ટ શાખાઓ અને ઝોન કચેરીઓને તબક્કાવાર નિશ્ચિત સમયે બોલાવીને વિગતવાર સમીક્ષા કરવામાં આવે છે.

આ પ્રક્રિયા દરમિયાન દરેક બજેટ કોડ સામે અગાઉ કેટલી જોગવાઈ કરવામાં આવી હતી, અત્યાર સુધી કેટલો ખર્ચ થયો છે, બાકીના સમયમાં કેટલો ખર્ચ થવાની શક્યતા છે અને નવા વર્ષ માટે કેટલી રકમની જરૂરિયાત છે તેની ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવે છે. ખર્ચમાં થતા વધઘટ પાછળના કારણોની ચકાસણી કર્યા બાદ પ્રાથમિક સ્તરે પ્રારંભિક જોગવાઈઓ નક્કી કરી આગળ મોકલવામાં આવે છે. તારીખ ૧૮મીથી શરૂ થયેલી આ કામગીરીમાં અત્યાર સુધીમાં આશરે દસ વિભાગો, બે ઝોન અને છ-સાત પ્રોજેક્ટ વિભાગો સાથે બેઠકો પૂર્ણ થઈ ચૂકી છે, અને આ સમગ્ર પ્રક્રિયા આગામી ૨૫થી ૨૬ તારીખ સુધી ચાલશે.

વડોદરા મનપાની સ્થાયી સમિતિમાં પાંચ કામોને મંજૂરી

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે યોજાયેલી સ્થાયી સમિતિની બેઠકમાં વિકાસ અને વહીવટી કામગીરીને લગતી પાંચ દરખાસ્તો રજૂ કરાઈ હતી, જે તમામ પાંચેય કામોને સર્વસંમતિથી મંજૂરી આપવામાં આવી છે. બેઠક બાદ સ્થાયી સમિતિના ચેરમેન વર્ષાબેન વ્યાસે મંજૂર થયેલા કાર્યો અને શહેરના પ્રશ્નો અંગે વિગતવાર માહિતી આપી હતી.

મંજૂર કરાયેલા કામોમાં સૌપ્રથમ ચીફ ઓડિટર દ્વારા રજૂ કરાયેલી પોસ્ટ ઓડિટની વિગતો ધ્યાનમાં લેવામાં આવી છે. બીજા કાર્યમાં દક્ષિણ ઝોન વિસ્તારના કપુરાઈ ચોકડીથી કોર્પોરેશનની હદ સુધીના સેન્ટ્રલ ડિવાઈડર પર થયેલા વૃક્ષારોપણના રક્ષણ માટે ફેન્સિંગ લગાવવાની કામગીરીને મંજૂરી અપાઈ છે.

શહેરની ડ્રેનેજ અને વરસાદી ગટર વ્યવસ્થા સુદ્રઢ કરવા માટે બે મહત્વના પ્રોજેક્ટ્સ મંજૂર થયા છે. જેમાં વોર્ડ નં બ ર ૧૮ માં અમરનાથપુરમથી લાલબાગ બ્રિજ નીચે થઈને લાલબાગ એપીએસ તરફ પુશિંગ પદ્ધતિથી નવી ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી તથા માં જલપુર અર્બન હેલ્થ સેન્ટર વાળા રસ્તા પર ડ્રેનેજ લાઈન નાખવાના ફેઝ-૨ ના કામનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી વિભાગમાં ૧૧ મહિનાના કરાર આધારિત એક વ્યક્તિની નિમણૂકની દરખાસ્તને પણ બહાલી મળી છે.

ટેન્ડર પ્રક્રિયા અને ગુણવત્તા મુદ્દે ચેરમેન વર્ષાબેન વ્યાસે જણાવ્યું કે, માટી અને કામગીરીની સ્થિતિ અનુકૂળ હોય અને પોતાની મશીનરીથી કામ સરળતાથી થઈ શકે તેમ હોય ત્યારે ઈજારદારો ઓછા દરે પણ કામ લેતા હોય છે.

વિશ્વામિત્રી વેસ્ટ ડિવિઝનના વિસ્તારોમાં સવારે ૭થી ૧૧ વાગ્યા સુધી વીજપુરવઠો બંધ રહેશે

વડોદરામાં ૨૧ થી ૩૦ નવેમ્બર દરમિયાન તબક્કાવાર વીજકાપ

સબસ્ટેશન અને વીજ રેખાના સમારકામ માટે શહેરના અનેક વિસ્તારોમાં સવારે વીજપુરવઠો બંધ રહેશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજ રેખાઓ અને ગાજરાવાડી 66 કેવી સબસ્ટેશનના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવનાર હોઈ શહેરના વિવિધ વિસ્તારોમાં તા.21 થી 30 નવેમ્બર દરમિયાન નિયત સમય મુજબ વીજપુરવઠો બંધ રહેશે અને સમારકામ પૂર્ણ થયે કોઈપણ જાણ કર્યા વિના વીજપુરવઠો પુનઃ ચાલુ કરી દેવામાં આવશે.

વિશ્વામિત્રી વેસ્ટ ડિવિઝન હેઠળ સવારે 7 થી 11 વાગ્યા સુધી વીજકાપ રહેશે, જેમાં તા.22 નવેમ્બરે અલકાપુરી સબડિવિઝનના કલકબઝાર ફીડર હેઠળ કાંસ બજાર, જેતલપુર નાકાથી સયાજીગંજ સરદાર પટેલના પુતળા સુધી, સુરજ પ્લાઝા, અલંકાર ટાવર, બીબીસી ટાવર અને આસપાસના વિસ્તારમાં, તા.23મીએ વાસણા અને બેગામીના નવરચના તથા નેક્સન ફીડર હેઠળ એમ.એન.વીરા બંગલોઝ, વેલકમ-1-2-3, આર્મ એરિકા, શ્રીનાથ હાઈટ, શ્રેયસ ફ્લેટ અને શ્રીમય એવેન્યુ વિસ્તારમાં, તા.25મીએ અકોટા, અટલાદરા, વાસણા, ગોરવા, ગોત્રી, અલકાપુરી અને સયાજીગંજના મધુરા નગરી, પ્રીતિ, હરસિદ્ધિ, સત્યયોગ, વલ્લભનગરી, ઈન્ડીયનપ્લાસ અને ગોર્ડન ફીડર હેઠળ પ્રમુખ ધામ, વેદાંત સોસા., ટ્રી હાઉસ સ્કૂલ, અરેના 84, આઈટીઆઈ રોડ, હરિનગર, ઈન્ડીયનપ્લાસ મોલ, દિનેશ મીલ, ગુજરાત કિડની હોસ્પિટલ તથા સહકારનગરથી કૈલાસ ધામ સુધીના વિસ્તારમાં, તા.26મીએ વાસણા, ફતેગંજ, બેગામી અને અકોટાના વિપિ, આનંદ નગર, શિળીશ્વર, વૃંદાવન અને ભાથજી ફીડર હેઠળ દર્શનમ સ્પ્લેન્ડોર, પત્રકાર સોસા., નંદાલય સોસા., એચસીજી કેન્સર હોસ્પિટલ, દર્શનમ ગેલેરિયા તથા રાણેશ્વર મંદિર આસપાસના વિસ્તારમાં, તા.27મીએ ગોરવા, ગોત્રી, લક્ષ્મીપુરા અને અલકાપુરીના સોંગરીલા, લક્ષ્મીપુરા, આશ્રય નગર અને અલકાપુરી ફીડર હેઠળ ગોરવા તળાવ, ગોરવા ગામ, વ્રજવાટીકા, હરિઓમ નગર, સુભાનપુરા પાણીની ટાંકી, ગોત્રી તળાવ, પ્રિયા સિનેમા, અલકાપુરી સોસા. અને એમ.કે. હાઈસ્કૂલ વિસ્તારમાં અને તા.28-29મીએ અટલાદરાના નારાયણ ફીડર હેઠળ શ્રેષ્ઠ બંગલો, નારાયણ વિલા વિસ્તાર તથા અલકાપુરીના સયાજીગંજ ફીડર હેઠળ સૂર્યા પેલેસ, સ્ટોક એક્સચેન્જ, મનુભાઈ ટાવર, રાજશ્રી ટોકીઝ અને ભીમનાથ ખાડો વિસ્તારમાં વીજપુરવઠો બંધ રહેશે.

વડોદરામાં મહિલાઓ માટે અલાયદા 'પિંક ટોયલેટ'નું નિર્માણ કરાશે

૪૫ નવા ટોયલેટના ઓર્ડરમાંથી મુખ્ય સ્થળોની પસંદગી કરાશે, ગાઇડલાઇન મુજબ બેબી ફીડિંગ સ્ટેશનની પણ ખાસ વ્યવસ્થા મળશે

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરમાં મહિલાઓની સુવિધા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ બાદ હવે વડોદરામાં પણ માત્ર મહિલાઓ માટે જ ખાસ 'પિંક ટોયલેટ' બનાવવાની દિશામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકાર અને સ્વચ્છ ભારત મિશન દ્વારા મહિલાઓ માટે અલગ અને ખાસ શૌચાલયોના નિર્માણ માટે નવો અભિગમ અપનાવવામાં આવ્યો છે, જેના ભાગરૂપે શહેરમાં આ સુવિધા ઊભી કરવામાં આવશે.

આ અંગેની વિગતો આપતા જણાવવામાં આવ્યું છે કે શહેરમાં હાલમાં જ ૪૫ જેટલા નવા ટોયલેટ બનાવવાનો નવો ઓર્ડર આપવામાં આવ્યો છે. આ ૪૫ ટોયલેટ પૈકીના અમુક નિશ્ચિત સ્થળોએ, જ્યાં જાહેર જનતાની ભીડ વધુ રહેતી હોય અને ખાસ કરીને મહિલાઓની અવરજવર વધારે હોય તેવા વિસ્તારોમાં 'પિંક ટોયલેટ' તૈયાર કરવામાં આવશે. આ પગલાંથી બહારગામથી આવતી તેમજ રોજિંદા કામકાજ અર્થે બહાર નીકળતી મહિલાઓને સ્વચ્છ અને સુરક્ષિત શૌચાલયની સુવિધા સરળતાથી મળી શકશે.

આ નવા પિંક ટોયલેટના ઉપયોગ માટે કોઈ ચાર્જ વસૂલવામાં આવશે કે કેમ તે અંગે સ્પષ્ટતા કરતાં જણાવવામાં આવ્યું છે કે હાલના શૌચાલયોમાં જે પ્રકારે ચાર્જ લેવાય છે, તે સંદર્ભે આગામી સમયમાં સ્ટેન્ડિંગ કમિટી અથવા સંબંધિત સત્તામંડળ દ્વારા યોગ્ય વિચારણા કરીને નિર્ણય લેવામાં આવશે. આ ઉપરાંત, બેબી ફીડિંગ સ્ટેશન અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં જણાવવામાં આવ્યું છે કે આ વ્યવસ્થા માટે પણ એક રૂમ અથવા જગ્યા ખાસ આરક્ષિત રાખવામાં આવશે. નિર્માણની ગાઈડલાઈનમાં જ આ જોગવાઈ સામેલ હોવાથી મહિલાઓને બાળકોને ફીડિંગ કરાવવાની સુવિધા પણ સરળતાથી ઉપલબ્ધ થઈ શકશે.

સયાજી હોસ્પિટલના સર્જીકલ ICU વોર્ડની કામગીરી અને વ્યવસ્થા સામે ગંભીર આક્ષેપો

(પ્રતિનિધિ) વડોદરા તા.20

મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી સયાજી હોસ્પિટલ ફરી એકવાર વિવાદ અને ચર્ચાના કેન્દ્રમાં આવી છે. હોસ્પિટલના સર્જીકલ ICU વિભાગમાં સારવાર હેઠળ રહેલા દર્દી મુન્નીબેન સહાનીના પરિવારજનોએ તબીબો અને નર્સિંગ સ્ટાફ સામે ઉદ્ધતાઈ ભર્યા વર્તન, અસભ્ય ભાષાના ઉપયોગ તેમજ વોર્ડમાં પ્રવર્તી રહેલી પ્રાથમિક સુવિધાઓના અભાવ અંગે ગંભીર આક્ષેપો કર્યા છે.

પરિવારજનોના જણાવ્યા અનુસાર, ૧૧ તારીખે માર્કેટમાં થયેલા અકસ્માતમાં મુન્નીબેન સહાનીને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. તેમને સારવાર અર્થે દાખલ કરાયા બાદ ૧૪ તારીખે ન્યુરો સર્જરીનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૯ તારીખે સવારે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. પરિવારના સભ્યો સપના સહાની અને સંદીપ સહાનીએ આક્ષેપ કર્યો હતો કે ICU જેવા અતિ સંવેદનશીલ વિભાગમાં દર્દીની સ્થિતિ અંગે પૂછપરછ કરવા જતાં સ્ટાફ અને નર્સ દ્વારા યોગ્ય પ્રતિસાદ આપવાને બદલે અસભ્ય વર્તન કરવામાં આવે છે અને બોલાવવા છતાં સમયસર ધ્યાન અપાતું નથી.

શહેરમાં ઘન કચરા વ્યવસ્થાપનના નવા નિયમો લાગુ થશે; બાયલોઝને સામાન્ય સભાની મંજૂરી

(પ્રતિનિધિ) વડોદરા તા.20

મહાનગરપાલિકાની સામાન્ય સભામાં અગાઉ રજૂ કરવામાં આવેલી સફાઈ અને ઘન કચરા વ્યવસ્થાપનને લગતી દરખાસ્તને મંજૂરી મળી ગઈ છે. આ નિર્ણય સાથે શહેરમાં સ્વચ્છતા અને કચરાના નિકાલ અંગે નવા નિયમો અમલમાં આવવાનો માર્ગ મોકળો થયો છે.

ગુજરાત સરકારના સ્વચ્છ ભારત મિશન અર્બનના રાજ્ય મિશન દ્વારા ઘન કચરા વ્યવસ્થાપનના નિયમો ૨૦૨૬ના અમલીકરણ માટે સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલી સિવિલ અપીલ (૬૧૭૪/૨૦૨૩)માં આપવામાં આવેલા આદેશોના સંદર્ભમાં રાજ્ય કક્ષાએથી મોડલ બાયલોઝ તૈયાર કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકારની સૂચના મુજબ દરેક મહાનગરપાલિકાએ આ બાયલોઝ સ્ટેન્ડિંગ કમિટી અને સામાન્ય સભામાં મંજૂર કરવાના હતા, જે પ્રક્રિયા અંતર્ગત વડોદરા કોર્પોરેશનમાં આ ઠરાવ મંજૂર કરાવવામાં આવ્યો છે.

આ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝમાં શહેરના સામાન્ય નાગરિકો, સફાઈ સેવકો તેમજ કોર્પોરેશનની પોતપોતાની જવાબદારીઓ અને ફરજો સ્પષ્ટ કરવામાં આવી છે. સ્વચ્છતા જાળવવા અને ગંદકી અંગે કેવું વલણ રાખવું તેના નિયમો નક્કી કરાયા છે. જો કોઈ વ્યક્તિ કે પક્ષ આ નિયમોનું પાલન ન કરે અથવા ક્ષતિ કરે, તો તેની સામે નોટિસ પાઠવવા અને દંડ વસૂલ કરવાની પદ્ધતિ તથા જોગવાઈઓ આ નિયમોમાં સમાવિષ્ટ છે.

સ્ટેન્ડિંગ કમિટી અને સામાન્ય સભાની મંજૂરી મળ્યા બાદ હવે ટૂંક સમયમાં ચોક્કસ તારીખ નક્કી કરીને આ નિયમોનું અમલીકરણ શરૂ કરવામાં આવશે. આ અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ જોગવાઈ કોઈ નવો સફાઈ વેરો નથી કે બજેટ કે વેરા સાથે સંકળાયેલી બાબત નથી, પરંતુ નિયમભંગ બદલ વસૂલવામાં આવતા દંડની વ્યવસ્થા છે.

ગીગ વર્કર્સના પ્રશ્નો સાંભળવા વડોદરા શહેરમાં યુથ કોંગ્રેસનું જનસંપર્ક અભિયાન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

ભારતીય રાષ્ટ્રીય યુથ કોંગ્રેસ દ્વારા દેશભરના ગીગ વર્કર્સની સમસ્યાઓ અને તેમના હકોના પ્રશ્નોના નિરાકરણ માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. આ પહેલના ભાગરૂપે વડોદરા શહેરમાં ગીગ વર્કર્સ સાથે રૂબરૂ મુલાકાત કરી જનસંપર્ક અભિયાન યોજાયું હતું. અભિયાન દરમિયાન યુથ કોંગ્રેસના કાર્યકરોએ ગીગ વર્કર્સ સાથે સંવાદ કરી તેમના રોજિંદા કામકાજ દરમિયાન પડતી મુશ્કેલીઓ, આર્થિક સમસ્યાઓ અને હકો સંબંધિત પ્રશ્નો સાંભળ્યા હતા. આ પ્રશ્નોના નિરાકરણ માટે શક્ય તમામ પ્રયાસો કરવાની ખાતરી આપવામાં આવી હતી. યુથ કોંગ્રેસે ગીગ વર્કર્સના હકો, સન્માન અને ન્યાય માટે તેમની સાથે ઊભા રહેવા તથા તેમના પ્રશ્નો યોગ્ય સ્તરે ઉઠાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં યુથ કોંગ્રેસનાં પ્રભારી અંજનાબેન બેરવા, વડોદરા શહેર પ્રમુખ પવન ગુપ્તા સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ડેસરમાં મહિલા વોલીબોલ ચેમ્પિયનશિપ સંપન્ન

(પ્રતિનિધિ) ડેસર તા.20

ડેસર ખાતે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના યજમાનપદે ૧૬થી ૧૯ નવેમ્બર દરમિયાન યોજાયેલી ઓલ ઇન્ડિયા વેસ્ટ ઝોન ઇન્ટર યુનિવર્સિટી મહિલા વોલીબોલ ચેમ્પિયનશિપનો સમાપન સમારોહ યોજાયો હતો. સ્પર્ધામાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગોવા સહિતનાં રાજ્યોની ૧૧૭ યુનિવર્સિટીઓની ૧,૬૩૮ મહિલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. ચાર દિવસમાં કુલ ૧૧૯ મેચ રમાઈ હતી.સ્પર્ધામાં પિલ્લાઈ યુનિવર્સિટીએ ચેમ્પિયનનો ખિતાબ મેળવ્યો હતો. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પ્રથમ રનર્સઅપ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય શેખાવતી યુનિવર્સિટી દ્વિતીય રનર્સઅપ અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ચોથા ક્રમે રહી હતી. ચારેય ટીમો ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય થઈ હતી.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

કોર્પોરેટ ઓફિસ: ઓફિસ નં. 501 અને 503, 5મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - 400072.

ખંભાત બ્રાન્ચ: B-106, પહેલો માળ, સિદ્ધસાગર કોમ્પ્લેક્સ, B-105, સ્ટેશન રોડ, રેલવે સ્ટેશન પાસે, ખંભાત, ગુજરાત-388620.

એપેન્ડિક્સ IV કબજા નોટિસ (અચલ મિલકત માટે)

નીચે સહી કરનાર આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી તરીકે સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, નીચે દર્શાવેલ ઋણ લેનારાઓ) / ગેરંટરોને ઉક્ત નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવવા માટે કંપનીના અધિકૃત અધિકારી દ્વારા ડિમાન્ડ નોટિસો જારી કરવામાં આવી હતી. ઋણ લેનાર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, આથી ઋણ લેનારાઓ / ગેરંટરોને અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વાંચતા ઉક્ત એક્ટની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને ન